સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

રહ્યો ન સંબંધ સુમેળ ભર્યો, હવે મટાવે છે,
અવાર-નવાર વાદ-વિવાદ કરી પટાવે છે,
ખટાવે ચીનને, ને ચટાવે મઘ અમેરિકાને -
કરે છે હદ, હવે સંયમની હદ વટાવે છે..
(પાકિસ્તાન ધીરજની સીમા ઓળંગે છે)

હાઈકુ

ચગ્યા'તા ખૂબ,
કલ્પના ના આકાશે -
ખાધી ગૂલાંટ..

ઉડ્યા પ્હેલાં જ
અંદરોઅંદર જ
કપાઇ ગયા..

(વિરોધ પક્ષ ની હાલત)

ચિંતન

મક્ષિકા વ્રણ મિચ્છન્તિ, ધન મિચ્છન્તિ પાર્થિવાઃ ।
નીચાઃ કલહ મિચ્છન્તિ શાંતિ મિચ્છન્તિ સજ્જનાઃ ॥

'માખીઓ શરીર પર પડેલા ઘાવની ઇચ્છા આશા રાખે છે, રાજાઓ પ્રજા પાસેથી (કર દ્વારા કે કોઇ પણ પ્રકારે) ધન મેળવી લેવાની ઇચ્છા રાખે છે. નીચ-દુષ્ટ-ગુંડા લોકો સમાજમાં કલહ-કંકાસ થાય એવું ઇચ્છે છે, જ્યારે સજ્જનો સમાજમાં, વિશ્વમાં 'શાંતિ' ઇચ્છે છે.'

'ચોરનું મન બાવળિયે' કહેવત છે મનની જેવી વૃત્તિ હોય, દૃષ્ટિ-વિચાર-આચરણ પણ એને જ અનુસરે છે. ગંદા વિચાર-ગંદી દૃષ્ટિ મેરે છે. એટલા માટે જ સદ્‌વિચાર-સદ્‌વાચન-અને સત્સંગ પર આપણા સાધુ-સંતો વિચારકો અને ધાર્મિક ગ્રંથોએ પ્રેરણા-સાથે પ્રોત્સાહન અને ભાર આપ્યો છે. આથી જ અહીં 'માખી'નો દાખલો આપીને કહ્યું છે. માખી ફૂલને નથી શોધતી, ગંદકી-ઘાવ દૂઝતું ગૂમડું શોધે છે. રાજાઓ-પ્રધાનો 'ખાયકી'નો ઘાવ શોધે છે.

રાજા-પ્રધાન-અધિકારીઓ-પ્રજા-ઉદ્યોગપતિઓ પ્રજા ફરિયાદી પાસેથી-કેમ લેવું, ક્યાંથી લેવું, સતત એનાં 'ચોકઠાં' ગોઠવવામાં પડ્યા હોય છે.

ગુંડાઓ-દુષ્ટો-સમાજમાં કોમવાદી કંકાસ થાય, એની જ રાહ જોતા હોય છે. 'સોપારીઓ' સોંપાય અને લૂંટ-ફાટ-ચોરીની છૂટ મળી જાય એની જ પેરવીમાં હોય.

સજ્જન લોકો વિશ્વમાં શાંતિ સ્થપાય એવી જ ઇચ્છા-પ્રાર્થના કરતા હોય છે.

સુવિચાર

- જે કામ કરવું જોઇએ તે ન કરવું એ વિનાશને આમંત્રણ આપવા જેવું છે અને ન કરવા જેવું કામ કરવું એ દુઃખને આમંત્રણ આપવા જેવું છે - **તિરૂકુરળ**
- લોકશાહી એ કંઇ માત્ર રાજ્ય-શાસન કે સરકારનો પ્રકાર નથી, પણ જીવન જીવવાનો એક તરીકો છે તમામ વર્ગના ગૌરવ-સ્વતંત્રતા રક્ષવાની ક્રિયા છે- **ડૉ. રાધાકૃષ્ણન્**
- જે પ્રાતકાળે ઉઠી પરીશ્રમ કરે અને દિવસભર પ્રામાણિકપણે કર્તવ્ય-ફરજ બજાવે એ કદી પણ દુર્ભાગ્યની ફરિયાદ કરતો નથી - **એડિસન**
- સૂર્ય જ્યારે ઢળતો થાય છે ત્યારે આપણી છાયા લાંબામાં લાબી થાય છે, જ્યારે આપણી જાતને આપણે લાંબામાં લાંબી માનતા હોઇએ ત્યારે ઢળવાનું નજીક હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ક્ષમા, સંતોષ, સરળતા અને નમ્રતા એ 'ધર્મ'ના દ્વાર છે - **સ્વામી ચૈતન્ય**
- 'આદર્શ' રાખવા અને તેનું પાલન કરવ્ એ અલગ વસ્તુ છે આચરણ વિનાના આદર્શ નિરર્થક છે - **ગાંધીજી**

બોધ કથા

આપણે અક્કલ-બુદ્ધિની ડફાંસ બહુ મારીએ છીએ. પણ બીજાના તો શું પોતાના અનુભવમાંથી પણ આપણે શીખતા-સુધરતા નથી. આતંકી હુમલા થાય ત્યારે એક અઠવાડિયું 'એલર્ટ' રહે. વાસના, દુરાગ્રહ-જૂઠું બોલવું - કરવું - કૌભાંડો બદ્યાના પરિણામ, વ્યસન-રોગ-અનિયમિતતા બદ્યાના પરિણામનો આપને 'અનુભવ' છે જ છતાં ક્યાં સુધરીએ છીએ?

મહાભારતમાં એક કથા છે.

વનવાસ દરમિયાન પાંડવો જંગલમાં નિવાસ હતો. ધર્મરાજે નાના સહદેવને બાજુનાં તળાવેથી પાણી ભરવા મોકલ્યો. એક યક્ષની માલિકીનું એ તળાવ હતં. યક્ષ કહે મારા પ્રશ્નનો સાચો જવાબ આપે તો જ પાણી ભરી શકાય. યક્ષે પ્રશ્ન પૂછ્યો. મનુષ્યની બાબતે સૌથી આશ્ચર્યની વાત કઇ?

સહદેવે ગોળ ગોળ જવાબ દીધો ને પરવા કર્યા વિના પાણી લેવા ઝૂક્યો, અને મૃત્યુ પામ્યો. અને એમ એક પછી એક બીજા ત્રણ પાંડવો પણ સાચો જવાબ આપ્યા વિના તે જ સ્થળે મૃત્યુ પામ્યા.

અંતે ધર્મરાજ આવ્યા. યક્ષે એમને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. મનુષ્ય માટે આશ્ચર્યની વાત કઇ?

ધર્મરાજ કહે, 'એ અનુભવમાંથી શીખતો નથી.'

યક્ષ ખૂશ થયો, પાણી ભરવા દીધું અને બીજા ચારમૃત પાંડવોને પણ જીવિત કર્યા.

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

રમણીકલાલની વિચારશૃંખલા ત્યારે તૂટી જયારે એ સોસાયટીમાં પહોંચી ગયા જયાં દીપચંદ શેઠનો બંગલો છે, તેમણે આજુ બાજુ નજર દોડાવી, ત્યાં સામે ઘરની બહાર મોટી ટયુબલાઇટની નીચે એક મોટું બોર્ડ દેખાયુ, તેમાં મોટા મોટા અક્ષરે લખ્યું હતું દીપચંદશેઠ

મકરસકાંતિ એટલે કે ઉત્તરાયણના તહેવારને બે દિવસ વીતી ગયા છે. ધાબાંઓ ઉપર પીપુંડાઓ અને ટેપરેકોર્ડરના અવાજો શાંત થઇ ગયા છે. છતાં હજું કાપયો છે... કાપયો છે ના બૂમ બરાડા કાનમાં પરાણે ઘુસીને ધ્વનિ પ્રદૂષણનો ત્રાસ આપતાં શાંત પડ્યા હોય એમ લાગતું નથી. કારણ કે વાસી ઉત્તરાયણ અને તે પછી પણ લૂંટેલી દોરી અને પતંગોથી હજું છોકરાઓ ધાબા પર પતંગો ચગાવ્યે રાખે છે. છાપાઓમાં બે દિવસ દરમિયાન થયેલા અકસ્માતોના સમાચારની સાથે વિહંગોની વ્યથાનાં વિતક અને કેટલાક યુવાનો દ્વારા પક્ષી બચાવો અભિયાન અંતર્ગત થયેલ કામગીરીના સચિત્ર અહેવાલો પ્રસિધ્ધ થયા છે તેમાં લોહી નિંગળતા અને પાંખો કપાયેલાં દયામણી આંખે માનવને જોતાં પંખીડાંની હૃદવદ્રાવક તસવીરો હચમચાવી દે તેવી છે તો શ્રધ્ધા કે અંધશ્રધ્ધાના નામે એક દિવસમાં પુણ્ય કમાઇ લેવાની ઘેલછામાં મંદિર પાસે ગાયોને લીલો ચારો અને અનાજ ખવડાવવાની પરંપરાને કારણે થેયલ ગાયોના મોતના સમાચારથી વિચલિત થઇ ઉઠેલા રમણીકલાલ જાન્યુઆરીની હાડ થીજાવતી ઠંડી વચ્ચે સ્કૂટર લઇને નીકળી પડ્યા છે. રાતના લગભગ નવ વાગ્યાનો સમય છે. આખો દિવસ ધમધમતો રહેતો આ રસ્તો અત્યારે સૂનકાર લાગે છે. ઠંડા પવનની કેડીમાં ટોપી અને મફલર પડ્યું છે. દીપચંદભાઇનું ઘર તો અહીંથી ખાસ્સું દૂર છે. તેથી સ્કૂટર સાઇડમાં લઇને ઊભું રાખ્યું અને માથા પર ટોપી પહેલી ગળામાં મફલર વીંટાળી સ્કૂટર સ્ટાર્ટ કરી આગળ વધ્યાં.

રમણીકલાલ વિચારતાં હતાં કે દીપચંદ શેઠ કેવા ભલા અને દયાળું છે. આગળ આવીને કોઇને પણ મદદ કરવા તત્પર રહે છે. લાખોની માસિક આવક છે. છતાં અભિમાન જરાય નહીં તેમની ઉંમર તો માંડ પીસ્તાળીસ હશે પણ અત્યારથી માનવ સેવા માટે ટ્રસ્ટ બનાવ્યું છે. જેમાં આર્થિક રીતે નબળા વર્ગનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં મદદરૂપ બને છે.

બહુ જ સંસ્કારી અને ઉચ્ચ વિચારો ધરાવે છે. તેઓ કહે છે કે આપણે સમાજમાં રહીએ છીએ તો આપણું તો દાયિત્વ છે કે, જરૂરિયાતવાળાને આર્થિક મદદ કરીએ અને માર્ગદર્શન આપીએ જેનાથી બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને. આર્થિક સંકડામણ તેમના વિકાસમાં અવરોધરૂપ બનવી ન જોઇએ. અસહાય, વિધવા અને ત્યકતા સ્ત્રીઓ માટે તેમણે નારી નિકેતન પણ ખોલ્યું છે. જયાં એક છતની નીચે રહી તેઓ ભરણપોષણ માટે, મનપસંદ હુન્નર શીખીને આત્મનિર્ભર બની શકે. ભગવાને તેમને ધન આપ્યું છે તો સાથે સાથે બીજાને દુઃખે દ્રવિત થવારૂં દિલ પણ આપ્યું છે.

રમણીકલાલની વિચારશૃંખલા ત્યારે તૂટી જયારે એ સોસાયટીમાં પહોંચી ગયા જયાં દીપચંદ શેઠનો બંગલો છે. તેમણે આજુ બાજુ નજર દોડાવી. ત્યાં સામે ઘરની બહાર મોટી ટયુબલાઇટની નીચે એક મોટું બોર્ડ દેખાયુ. તેમાં મોટા મોટા અક્ષરે લખ્યું હતું. દીપચંદશેઠ. તેની પાસે જ કૉલબેલ હતી. રમણીકલાલ હળવે રહીને કૉલ બેલનું બટન દબાવ્યું. છતાં કોઇ પ્રત્યુત્તર ન મળ્યો.

ત્યાં બાજુમાં દરવાજાની આડમાં ઉભેલા એક છોકરો બોલ્યો. 'અંકલ આજે તમે વગાડેલા ઘંટડીનો અવાજ તેમના સુધી નહીં પહોંચે. આજે તેમનો બર્થ ડે છે. ખુબ મોટું આયોજન છે. તેથી કોઇ તેમને ડિસ્ટર્બ ન કરે એ માટે ડોરબેલને અંદરથી સ્વીચ ઑફ કરી દીધી હશે. જો ખાસ જરૂરી કામ હોય તો ફોન અથવા મોબાઇલ પર વાત કરી લો.'

'પણ તું કોણ બેટા, તારૂં નામ શું છે?' રમણલાલે પૂછ્યું,

'અંકલ, મારૂં નામ કરૂણેશ છે.'

'તું આવી ઠંડીમાં અહીં કેમ ઊભો છે. કોઇની રાહ જુએ છે.'

'જી, હમણાં મારા નાનાજી મારા અને મારી મમ્મી માટે ખાવાનું લઇને આવવાનાં છે. મારી મમ્મી બિમાર છે. તેને એકદમ તાવ ચડી ગયો છે.'

'તારા નાનાજી ઘરમાં આવીને જમવાનું આપી જશે એ માટે આવી ઠંડીમાં આમ બહાર ઉભા રહેવાની શું જરૂર છે.'

'મારા દાદા-દાદી અને પપ્પાએ મારાં મોસાળવાળાંઓને ઘરમાં આવવાની મનાઇ કરી છે.' કરૂણેશે ધીમે રહીને કહ્યું. 'તારા પપ્પાનું નામ શું છે?'

કરૂણેશે કંઇ જવાબ ન આપ્યો.

'બેટા, કરૂણેશ તારા પપ્પાનું નામ શું છે?'

'દાનવીર દીપચંદ શેઠ' કરૂણેશે ગળગળા અવાજે કહ્યું.

'તારા પપ્પાનો બર્થ ડે છે તેમાં તને અને તારા મમ્મીને નથી બોલાવ્યા. એ તો બહું દુઃખદ વાત કહેવાય.'

'મારા પપ્પા કહે છે કે તું તારી મમ્મીને છોડીને મારી પાસે આવી જા. અંકલ તમે જ વિચારો હું મારી મમ્મીને એકલી કઇ રીતે છોડું. એ તો આખો દિવસ પોતાના ફૂટેલાં નસીબ માટે રડતી રહે છે.' 'તમે કેટલાં ભાઇબહેન છો?' રમણીકલાલે પૂછ્યું.

મારી એક બહેન છે. તે મારાથી મોટી છે. પપ્પા એ તેનાં લગ્ન એક એવા છોકરા સાથે કરી દીધાં છે. જેમાં નથી તો મા-બાપ, નથી ઘર કે નથી કોરી નોકરી ધંધો. ભાડાની એક ઓરડીમાં રહે છે, પપ્પાએ અમને તો જણાવા પણ ન દીધું કે કયારે લગ્ન કરી નાંખ્યા. ખબર નહીં હવે એ કયાં અને કેવી રીતે રહેતી હશે.' તેણે ચિંતાના સ્વરે કહ્યું.

રમણીકલાલ તો તેની વાત સાંભળીને સડક થઇ ગયા. થોડીવાર શાંત રહ્યા પછી રમણીકલાલે પૂછ્યું.

'અરે! કરૂણેશ હું તો તને પૂછતાં જ ભૂલી ગયો કો તું કયાં ધોરણમાં ભણે છે.'

હું બી.એસ.સી. સેકન્ડ ઇયરમાં ભણું છું.

'કંઇ કૉલેજમાં ભણે છે બેટા?'

'અંકલ, હું એક પ્રાઇવેટ કૉલેજમાં ભણું છું.'

'હાં તો, તો એ કૉલેજ બહુ સારી હશે. પણ પ્રાઇવેટ કૉલેજ. તેમાં સરકારી કૉલેજ કરતાં ફી તો વધારે હશે ખરૂં ને?'

'હાં અંકલ એ વાત સાચી.'

એવામાં એક વાર બંગલાની સામે આવીને ઊભી રહી. કરૂણેશ દોડીને ગયો.

'અરે! દીકરા તું આવી ઠંડીમાં બહાર શું કામ ઊભો છે. હું હોર્ન વગાડું ત્યારે આવી જવું હતું. તને ઠંડી લાગી જશે તો? તારી મમ્મી બિમાર છે. પછી તારૂં ધ્યાન કોણ રાખશે? હાં, દીપીકાના તબિયત કેવી છે?'

'નાનાજી, પહેલાં કરતાં તાવ ઓછો થયો છે.'

'આ વાયરલ તાવમાં અશક્તિ બહુ આવી જાય. તેથી ખાવા-પીવામાં ધ્યાન રાખજે. તેને કંઇક ખવડીને પછી જ દવા આપજે. ખાલી પેટે આપતો નહીં. લે આ તારી મમ્મી માટે ખીચડી અને તારા માટે ખાવાનું, બીજું આ થેલીમાં બિસ્કીટ પણ થોડાં ફૂટ મૂક્યાં છે. તે સાથે તને ભાવે તેવું ફરસાણ પણ છે.'

'નાનાજી, બિસ્કીટ અને ફરસાણ તો પડ્યું છે. હાં નાનીમાંની તબિયત કેવી છે.'

'અરે! તારી નાનીમાની તબિયત પણ કંઇ બરાબર નથી. આ ખાવાનું પણ હું બહાર પાડોશી પાસે બનાવડાવીને લઇ આવ્યો છું. તેથી જ મોડું થઇ ને! અને લે આ તારી ફીના પૈસા. ટાઇમસર ભરી દેજે. હું જાઉં છું. ઓછા પડે તેમ લાગે તો મને જણાવશે.'

કરૂણેશ જયાં અંદર જવા પગ ઉપાડ્યો ત્યાં તેણે રમણીકલાલને હજું ત્યાં જ ઉભેલા જોયા.

'અંકલ, તમે હજુ સુધી ઊભાં છો?'

'કરૂણેશ, તારા પપ્પા શું ઇચ્છે છે.'

તે મારી મમ્મીને કહે છે કે તું મારા ઘરમાંથી જા. તારા માટે મારા ઘરમાં કોઇ જગા નથી.

'પણ, શા માટે?'

કરૂણેશે કોઇ પ્રત્યુત્તર ન આપ્યો તેથી રમણીકલાલે ફરીથી પૂછ્યું. 'આવી વાત એ કેમ કરે છે.'

'અંકલ, પપ્પા કોઇ બીજી સાથે લગ્ન કરવા માંગે છે. તે મને પણ કહે છે કે જો તું મારી મમ્મીને છોડીને મારી સાથે આવતો રહીશ તો હું તને બધી સુખ-સુવિધા અને ભણવાનો ખર્ચો આપીશ. નહીં તો એક કાણી કોડીની પણ આશા મારી પાસે ન રાખતો.'

'મમ્મીને છોડીને મારે કોઇ સુખ સુવિધા જોઇતી નથી. મારી તો ઇચ્છા છે કે બી.એસ.સી. કરીને એમ.બી.એ. કરી લઉં. પછી જયારે નોકરી મળી જશે ત્યારે મારી મમ્મીને લઇને અહીંથી જતો રહીશ. દૂર બહુ દૂર. આ બંગલો અમારે શું કામનો. અહીં રોજ ગાળો, મહેણાં ટોણાં અને સતત ભયના ઓથાર હેઠળ અમે મા દીકરો જીવીએ છીએ.'

'બેટા, કરૂણેશ એકવાત યાદ રાખજો. અમાસની કાળી ડિંબાગ રાત પછી એક સુંદર સવાર ઉગે છે. તું તારી મહેનતથી જે મેળવીશ. તેનો પાયો બહુ મજબૂત હશે. તું કયારેય હિંમત ન હારતો. સખત મહેનત અને દૃઢ નિર્ધાર સાથે અભ્યાસ કરતો રહેજે.'

'હાં, તારી-મમ્મીને પણ કહેજે કે તારા પપ્પાની લાખોની કમાણી છે. છતાં તમારૂં ભરણપોષણ કરી શકતા નથી. પણ ગરીબ અને અનાથ માણસ તારી બહેનને ભૂખી નહીં રાખે. પહેલાં તેને ખવડાવીને પછી એ ખાશે. કેમ કે એ તારી બહેનને ખુબ જ પ્રેમ કરે છે.'

રમણીકલાલે પછી પોતાના પર્સમાંથી પોતાનું કાર્ડ કાઢી કરૂણેશને આપ્યું. અને કહ્યું. 'મારી પુસ્તકોની દુકાન છે. તારે કોઇ પણ બુકની જરૂર હોય તો મારી પાસે આવજે. જો એ પુસ્તક મારી પાસે નહીં હોય તો હું મંગાવી આપીશ.'

'વાત વાતમાં ઘણો સમય વીતી ગયો. જાવ તું અને તારી મમ્મી જમી લો. '

'કરૂણેશ, તું ખુબ જ ડાહ્યો દીકરો છે. જેથી તારી મમ્મીનું આટલું ધ્યાન રાખે છે. તેના આશીર્વાદ તને જરૂર ફળશે. તું જરૂરથી આગળ વધીશ. મારી તને શુભેચ્છાઓ છે. સંઘર્ષ પછી જરૂરથી તારા જીવનમાં એક સોનેરી સવાર થશે.'

'અંકલ, એવી સોનેરી સવાર થશે જ ને!'

'હાં, બેટા, જરૂર થશે.'

કરૂણેશ ઘરમાં અને રમણીકલાલ પોતાના કામે ચાલી નીકળ્યા. દીપચંદશેઠે આપેલું તેમનું કાર્ડ તેણે ત્યાં જ કચરાના ઢગલામાં નાંખી દીધું.

- vanvihari@gmail.com

મિ. નટવરલાલ..!! મેરે પાસ આઓ મેરે દોસ્તો એક કિસ્સા સુનાઉ..!!

'સ્પેશિયલ-૨૬'...તાજમહેલ, લાલ કિલ્લો, સંસદ ભવનને વેચી મારનાર ભારતના મહાઠગ મિ. નટવરલાલની રોમાંચક કહાની

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ઠગનું ઉપનામ જ મિ. નટવરલાલ જેવો સજ્જડ ઓળખ બનાવનાર ભારતના મહાઠગના જીવન પર આધારીત ૧૯૭૯માં અમિતાભ બચ્ચનની મિ. નટવરલાલ ફિલ્મ બની હતી. એમાં એક ગીત હતું. 'મેરે પાસ આઓ મેરે દોસ્તો એક કિસ્સા સુનાઉં' અને ખરેખર જ આ ઠગનો કિસ્સો કારનામા સાંભળવા જેવો છે... ભારતમાં ઠગ કે ધૂતારા પર આધારિત ફિલ્મ બનાવવી તો મિ. નટવરલાલ જેવું શ્રેષ્ઠ પાત્ર હોઇ જ ના શકે!!

બિહારનો બહુચર્ચિત ઠગ મિ. નટવરલાલ ફરી એકવાર બધાને યાદ આવી જશે. તાજમહેલ, લાલ કિલ્લો, રાષ્ટ્રપતિ ભવન અને ૫૪૫ સભ્યો સહિતની પાર્લામેન્ટ જેણે વેચી કાઢેલી અને ખતરનાક ઠગ મિથીલેશ કુમાર શ્રીવાસ્તવ ઉર્ફે મિ. નટવરલાલ એકબીજાનાં પર્યાય બન્યાં છે. પોતાનાં છેતરનારાં કરતૂતોથી એણે ભારતના કેટલાય રાજયોની

પોલીસની ઊંઘ ઉડાળી દીધેલી...

'સ્પેશિયલ-૨૬' એ અક્ષયકુમાર અભિનિત ફિલ્મ છે અને એ ૧૨મી ફેબ્રુઆરીએ રિલીઝ થવાની છે. 'સ્પેશિયલ-૨૬'માં અક્ષય ઘણાં નામ અને રૂપ બદલતો જોવા મળશે. તે વિવિધ પાત્ર ધારણ કરીને લોકોને છેતરી જાય છે. ઉદ્યોગપતિ અને શ્રીમંત લોકોને છેતરીને એ એમનાં નાણાં લૂંટી જાય છે...

બે વર્ષ પહેલાં 'એ વેનસ જે' ફિલ્મ આવેલી યાદ છે... એમાં પેલો નસીરૂદ્દીન શાહ કૉમનમેન બનીને પોલીસને એક જ દિવસમાં ચાર આતંકવાદી મારવા માટે મજબૂર કરી કાર્ય સફળ કરે છે... એક ફિલ્મમાં આ અસામાન્ય ઘટના અને ગજબની કરામતનો સાક્ષી બનનાર નિવૃત્ત પોલીસ અધિકારી અનુપમ ખેર આ વાત કહેતા કહે છે કે આ સત્ય ઘટના પોલીસના રેકર્ડ પર નથી, એ ફક્ત મારા મન પર જ નોંધાયેલી છે, આવી જ એક પોલીસ હાથે છૂટી ગયેલી અને 'અ વેનસ ડે' ના ડાયરેકટર નિરંજ પાંડેના હાથે લાગી ગયેલી 'સ્પેશિયલ-૨૬'માં કથા આપણને જોવા મળનાર છે!!

૧૯૮૭ના વર્ષે મુંબઇના ઑપેરા હાઉસ ખાતે 'ત્રિભુવનદાસ ભીમજી ઝવેરી' જે અત્યારે 'ટીજીબી' ના નામે પ્રખ્યાત છે એમાં એક ઠગ સી.બી.આઇ. અધિકારી ઘુસેલો. એણે એની સાથે ૨૬ લાવેલાં ફેક અધિકારીની મદદથી ધાડ મારી આખા દિવસમાં લાખો રૂપિયાનાં



દાગીના લૂંટી સાંજ પડતાં સુધીમાં તો ફરાર થઇ ગયો... આ ઘટનાથી ઝવેલર્સની દુકાનમાં માલિક તો હોંશખોશ ખોઇ બેઠેલો... બસ 'સ્પેશિયલ-૨૬' આજ ઘટના પર આધારિત ફિલ્મ છે. અનેક લોકોના નજરમાંથી છૂટી ગયેલી આ ઘટનાને ડાયરેકટર સ્પેશિયલ માને છે અને એટલે જ એને 'સ્પેશિયલ-૨૬' નામ આપ્યું છે...

ભારતના ગુન્હાખોરીનાં ઇતિહાસમાં જીવંત દંતકથા બનેલા મિથીલેશ કુમાર શ્રીવાસ્તવ ઉર્ફે મિ. નટવરલાલે ત્રણ વખત તાજમહેલ, બે વાર લાલ કિલ્લો અને એકવાર રાષ્ટ્રપતિ ભવન વિદેશી ટૂરીસ્ટને વેચી મારેલો!! ભારતનાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુની આબેહૂબ સહી કરીને એણે એમનાં જ એકાઉન્ટમાંથી રૂપિયા ઉપાડી લીધેલાં!! રાષ્ટ્રપતિને એણે ચેલેન્જ કરેલી કે તમે મને પરમિશન આપો તો ભારતનું બધઉં દેવું હું બીજા રાષ્ટ્રના નામે ચઢાવી દઉં... આ તો માત્ર મોટા મોટાં કિસ્સાછે. જે ઘણાં લોકોને આજેય યાદ આવી જશે!!

દુનિયાનો સૌથી મોટો ચીટર મિ. નટવરલાલથી બન્ટી બબલી જેવી ફિલ્મોમાં છવાયેલો રહ્યો છે. આજેય કોઇ કોકને છેતરી જાય કે ચૂનો લગાવી જાય તો એવાં ઠગને છેતરનારની ઓળખ મિ. નટવરલાલ જ બની જાય છે... બિહારનાં સિવાન જિલ્લામાં બંગરા નામું ગામ છે. એ ગામના મિથીલેશ કુમાર શ્રીવાસ્તવ વતની. હાથસફાઇમાં એકસપર્ટ. કોઇની પણ સહીની ડુપ્લીકેટ કરવામાં નિપુર્ણ. કોઇ સહી કરતું હોય અને ભાઇ દૂરથી જોઇને એના હાથના હચનચલન પરથી જ સહીની નકલ મારતા. આ મહાઠગ પાસે જમીન પુષ્કળ હતી, પણ ખેતી કરવાનો કંટાળો અને વગર મહેનતે રૂપિયા કમાવાની લાલચે 'ઠગ' બની ગયો...

(અનુસંધાન પાના નં. ૬ પર)

સાંપ્રત ઘટના અને તેના પ્રત્યાઘાતો

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

વર્ષ ૨૦૧૨ એટલે ગોટાળા, ભ્રષ્ટાચારનું ભરમાર. 2G, 3G કોલસા ગોટાળાની શાહી શુકાઇ નથી ત્યાં તો દિલ્હી ગેંગરેપે સૌને હતપ્રત કરી દીધા, રેપની ઘટના બાદ, મીડિયાએ 24 x 7 કલાક વિવેચકો, વિશ્લેષકોથી ચર્ચાના ઘોઘમાર વચ્ચે માનસિક બળાત્કાર ચાલુ જ રાખ્યો અને પ્રજા માનસના કુમળા માનસ ઉપર વજઘાત કરતા જ રહ્યા. પોતપોતાની ચેનલને સર્વશ્રેષ્ઠ દેખાડવાના હિન પ્રયાસમાં કહેવાતા રાજકીય આગેવાનો, સમાજસેવકો, ધાર્મિક વડાઓનાં બેફામ નિવેદનો વારંવાર બતાવી જનતાને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો. પરિણામે દિલ્હી સરકારે ૧૮૮, કલમ લાગુ પાડવી પડી, ચેનલોએ જનતાની સહનશીલતાનું માનવતાનું વસ્ત્રાહરણ કરી દેશની આબરૂને બટ્ટો લગાડ્યો.

પરંતુ આમજનતા ઉપર શું વીત્યું? અને આવી ઘટનાઓ બનવાનું કારણ શું? ત્યારબાદના પ્રત્યાઘાતો સમાનતા ભિન્ન ભિન્ન સમુદાય ઉપર થયેલ અસરો તેમજ તેનાં અંતે પરિણામ શું મળ્યું? કહેવાતા બૌધ્ધિક, વિચારશીલ, વિકાલશીલ, મોર્ડન સમાજ ઉપર કઠોર ઘા કરતી આ ઘટનાની શાહી સુકાતી ન હતી ત્યાં તો દેશભરમાંથી આવા ઘૃણાસ્પદ બનાવોની હારમાળા સર્જાઇ, કેટલાકે છોકરીઓનો વાંક કાઢયો. કેટલાકે કાયદાનો વાંક કાઢયો પરંતુ પ્રથમ વખત જ જનસમુદાય આવા બનાવ બાદ એકઠી થઇ, વિરોધ નોંધાવ્યો, જેનાથી સરકારને કાયદામાં સુધારો કરવા મજબૂર કર્યા. પરંતુ આવી ઘટનાના પ્રેરકબળો, કારણોને નિવારવાના નક્કર પગલાની. સમાજ અને સરકાર બંનેની જવાબદારી છે.

ટી.વી. ઉપર દેખાડાતી વાહિયાત, અર્થ વગરની, વલ્ગર, બિભત્સ જાહેરાતોથી કુમળા બાળમાનસ અને યુવક - યુવતીઓના મન-ઉપરર કેવી અસર થતી હશે તે કોઇએ ના વિચાર્યું. જે આઇટમ સૉંગ ઉપર પ્રજા અંધારામાં સીટીઓ વગાડે છે તે આઇટમ સૉંગ ચેનલ ઉપર દર્શાવાય તો ચેનલ બદલી નાખે છે. જેનાથી સમાજની દંભી બેવડી નીતિ ખુલ્લી પડી ગઇ છે. અને દોષારોપણનો ટોપલો કાયમ ચોક્કસ વર્ગને માથે ઢોળવામાં આવે છે.

ભારત જેવા દેશનો પાયો સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મ ઉપર નભતો હોય સંસ્કારો-ચારિત્ર્યતા, શાલીનતા, ધાર્મિકતા તથા માનવતા અને સહિષ્ણુતા ઉપર રચાયો હોય તેવા દેશમાં પશ્ચિમી સંસ્કૃતિનું વરવું પ્રદર્શન, આધુનિકતાની દોડધામ, વિકાસના નામે દેખાદેખી કેટલું પહેરવું? કેવું પહેરવું? અને ક્યારે પહેરવું તે વિચારવાનો સમય જ નથી. કપડાનું માપ મા-બાપના બદલે ફેશન ડિઝાઇનરો નક્કી કરતા થઇ ગયા જેના કારણે માણસ પોતાના સંસ્કારોનું માપ ખોઇ બેઠો.

આવી ઘટનાનો વિરોધ કરનારાઓએ પોતાની નૈતિકતા, બુધ્ધિમતા, શાલિનતાનું દેવાળું ફૂક્યું. પોતાના અંગત સ્વાર્થ માટે સસ્તી લોકપ્રિયતા માટે જનતામાં છવાઇ જવાનો હિન પ્રયત્ન તમામ રાજનેતાઓએ કર્યો.

કિશોરાવસ્થામાં મુગ્ધાવસ્થામાં પહોંચેલા યુવક-યુવતીઓએ મુક પ્રેક્ષકો બની તમાશો જોવાને બદલે એકજૂથ થઇ વિરોધ નોધાવ્યો, અબળા ઉપરના બળાત્કારે સમાજના ડરપોક, કાયર, નમાલા ચહેરો વાસ્તવિકતા બહાર લાવી દીધી. બહેન-દીકરીઓને ઘરબહાર જવા મનાઇ ફરમાવવામાં આવી. ફરી ૧૬મી સદીનાં વિચારો ૨૧મી સદીમાં હાવી થવા લાગવા લાગ્યાં.

પુરૂષ સમોવડી દેખાડવામાં સ્ત્રીઓ પોતાની મર્યાદાની લક્ષ્મણરેખાનું ઉલ્લંઘન કરતી થઇ જેના કારણે સ્વતંત્રતા એ સ્વચ્છંદતામાં પરિમણી વ્યક્તિનું માપ અને પ્રમાણ હવે દરજીઓ નક્કી કરતા થઇ ગયાં. ઇન્ટરનેટ, ઇમેલ અને મોબાઇલના વાયરસે સમાજમાં સંસ્કારોને ભરડામાં લઇ વલ્ગર સંસ્કૃતિ ઉપર પોતાનો પકડ મજબૂત બનાવી જેના કારણે માણસની વિકૃતિમાં વધારો થતા સંસ્કૃતિનું નાશ થતું ગયું.

માણસની બિભત્સ ક્લિપીંગો પણ જિલ્લામાં હાહાકાર મચાવ્યો. અતિ પ્રેમ, વિશ્વાસ અને લાગણીમાં અંધ બની અંગત પળોને, મોબાઇલમાં કેદ કરવાનું ભારે પડ્યું, જેનાથી વિશ્વાસ, પ્રેમ, લાગણી અને ભરોસા માટેની પરિભાષા બદલી નાખી. એક કૌભાંડને છાવરવા નીત નવા કૌભાંડ કે કાંડો થવા લાગ્યા જે સમાજના ભાવિ ઘડતર માટે ખતરાની ઘંટડી છે. આટલેથી જાગ્યા તો ઠીક છે નહીતર આના ગંભીર અસરો ભાવિ પેઢીને ભોગવવી પડશે, જે સમાજ માટે લાલબત્તી સમાન છે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૬મી જાન્યુઆરી

- મહાન શિક્ષણશાસ્ત્રી શુક્લતીર્થની ગુરૂકુળ સંસ્થાના સ્થાપક ડો. મનુભાઇ પ્રા. વૈદ્યની જન્મતિથિ - પુણ્યતિથિ બંને ૧૯૦૫.
- ૧૯૦૫ - બંગાળના ભાગલા પડ્યા, સમસ્ત બંગાળમાં શોક મનાવાયો.

- ૧૮૩૫ - ૧૯૫૭ની ક્રાંતિમાં ઝઝૂમનાર 'ઝાંસીની રાણી' લક્ષ્મીબાઇનો કાશી ખાતે જન્મ.
- ૧૭૯૪ - અંગ્રેજ ઇતિહાસકાર એડવર્ડ ગિબાનનું અવસાન.
- ૧૯૨૮ ટોમસ હાર્ડી વિખ્યાત નવલકથાકારનું અવસાન.
- ૧૯૦૧ મહાન ન્યાયધીશ દેશભક્ત ગોવિંદ રાનડેનું અવસાન.



- ૧૯૩૫ - ભારતના મહાન નવલકથાકાર શરદચંદ્ર ચેટરજીનું અવસાન.